પ્રશ્નપુસ્તિકા સીરીઝ

**A**

**HKM**

**This Question Booklet Contains 32 Printed Pages**

| | |
|---|---|
| સમય : 2 કલાક | Time : 2 Hours |
| કુલ પ્રશ્નો : 200 | Total Questions : 200 |
| કુલ ગુણ : 200 | Total Marks : 200 |

ઉમેદવારનો બેઠક નંબર: Roll No:

**સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં**

## ઉમેદવારોને સૂચના :

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 200 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેમના માટે વિકલ્પ E OMR ઉત્તરપત્રમાં આપેલ છે. તમારે બધાજ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. તમારે આ સાથે અલગ **OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ
(B) સુભાષચંદ્ર બોઝ
(C) મહાત્મા ગાંધી
(D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET)માં**

(A) (B) ● (D) (E)

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ કાળું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ડાર્ક કરવા બાબતની સૂચના OMRની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(2) 1 થી 200 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠેરાવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી ગુનાને પણ પાત્ર બનશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) ઉમેદવારે પોતાના બેઠક નંબરની પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક નંબર નીચે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપત્રની સીરીઝ નિયત જગ્યાએ લખીને તેની નીચે તે સીરીઝ સામે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. લખેલી વિગતો અને ડાર્ક (encode) કરેલ વંર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(5) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક, OMRની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી, એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 માઈનસ ગુણ કાપવામાં આવશે. પરંતુ જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ડાર્ક કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહીં.

(ii) આન્સર કી ફાઈનલ કરતી વખતે જો મંડળ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે ત્યારે સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (1) ગુણ મળવાપાત્ર થશે.

(6) OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) **OMR ઉત્તરપત્રના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. ઉમેદવારની સહી વિનાની OMR ઉત્તરપત્રવાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.**

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા પણ પગલાં લેવાશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. તેમજ પગલા લેવાશે.

(10) ઉમેદવારે વાદળી / કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**

(સાચા જવાબની સંખ્યા × 1 – {(ખોટા જવાબની સંખ્યા × 0.25) + (ખાલી છોડેલ જવાબની સંખ્યા × 0.25) + (છેકછાક કે એક કરતા વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની × 0.25)} = ઉમેદવારને પ્રાપ્ત થતાં ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મૂકવા તથા ફોજદારી પગલા લેવાને પણ પાત્ર થશે.**

Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

001. ભારતના બંધારણમાં ભાગ-3 હેઠળ નીચે પૈકી કોનો સમાવેશ કરવામાં આવે છે ?

(A) મૂળભૂત ફરજો
(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો
(C) મૂળભૂત હક્કો
(D) નાગરિકતા

002. રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભામાં કેટલા સદસ્યોને નિયુક્ત (Nominate) કરી શકાય ?

(A) 15
(B) 10
(C) 12
(D) 6

003. લોકસભાના પ્રથમ સ્પીકર કોણ હતા ?

(A) હુકુમ સીંઘ
(B) ક. મા. મુનશી
(C) ગણેશ વી. માવલંકર
(D) યુ. એન. ઢેબર

004. $(25.732)^2 - (15.732)^2$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 414.128
(B) 414.64
(C) 441.64
(D) 404.64

005. બે પાઈપ એક ટાંકીને અનુક્રમે 10 કલાક અને 12 કલાકમાં ભરી શકે છે. તથા ત્રીજો પાઈપ ટાંકીને 20 કલાકમાં ખાલી કરી શકે છે. જો ત્રણેય પાઈપ એકસાથે ખોલવામાં આવે તો તે ટાંકી કેટલા સમયમાં ભરાશે ?

(A) 8 કલાક
(B) 7 કલાક 30 મિનિટ
(C) 8 કલાક 30 મિનિટ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

006. નાસા (NASA) ના નવા મિશનો, મ્યુઝ (MUSE) અને હેલીયો સ્વાર્મ (HelioSwarm) .......... ની સમજ સાથે સંકળાયેલાં છે.

(A) સૂર્યની ગતિશીલતા
(B) મંગળ પરની પ્રજાતિઓ
(C) શનિ પર ઓક્સિજન
(D) ચંદ્ર પર પાણી

007. નીચેના પૈકી કયું બહુપક્ષીય સંમેલન માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણને સતત ઓર્ગેનિક પ્રદૂષકોથી બચાવવા માટેની રજૂઆત કરે છે ?

(A) સ્ટોકહોમ સંમેલન
(B) પેરિસ સંમેલન
(C) એમ્સ્ટર્ડમ સંમેલન
(D) ચેંગડુ સંમેલન

008. તાજેતરમાં યુનેસ્કો (UNESCO) - સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા દ્વારા "ઈન્ટેન્જીબલ કલ્ચરલ હેરીટેજ ઓફ હ્યુમેટી (ICH)" તરીકે નીચેના પૈકી કોનો સમાવેશ કરવાની વિચારણા ચાલી રહી છે ?

(A) રાજસ્થાનનું કાલબેલીયા નૃત્ય
(B) ગુજરાતના ગરબા
(C) કલકત્તાની દુર્ગા પૂજા
(D) ઉપરોક્ત તમામ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

009. SSD એ કોનું ટૂંકુ નામ છે ?

(A) SOLID STATE DRIVES
(B) SOLID STATE DEVICES
(C) SOLID STATE DISKETTE
(D) ઉપરોક્ત પૈકી બધાજ

010. ઈન્ટરનેટ સાથે જોડાયેલ દરેક કોમ્પ્યુટરને એક અનન્ય ચાર-ભાગની સ્ટ્રિંગ (STRING) દ્વારા ઓળખવામાં આવે છે. જેને .......... કહેવાય છે.

(A) IP ADDRESS
(B) HOST NAME
(C) LAN NAME
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

011. ભારતના બંધારણમાં 9મી અનુસૂચિ .......... દ્વારા ઉમેરવામાં આવી.

(A) પહેલો સુધારો
(B) આઠમો સુધારો
(C) નવમો સુધારો
(D) બેતાલીસમો સુધારો

012. 73મો બંધારણીય સુધારો નીચે પૈકી કોનાથી સંબંધિત છે ?

(A) પંચાયત
(B) શહેરી સંસ્થાઓ
(C) કો-ઓપરેટિવ સંસ્થાઓ
(D) ગ્રાન્ટ-ઈન એઈડ સંસ્થાઓ

013. બંધારણમાં આપણા દેશનો કયા નામે સ્વીકાર થયેલ છે ?

(A) ભારત
(B) ઈન્ડિયા
(C) ઈન્ડિયા અને ભારત
(D) ઈન્ડિયા એટલે કે ભારત

014. એક સમઘનની સપાટીનું ક્ષેત્રફળ 1734 ચો. મી હોય તો તેનું ઘનફળ કેટલું થશે ?

(A) 4193 ઘન મીટર
(B) 5832 ઘન મીટર
(C) 4391 ઘન મીટર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

015. એક બે અંકની સંખ્યાના અંકોને ઉલટ સૂલટ કરવાથી મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતા 63 જેટલી ઓછી છે. જો મૂળ સંખ્યાના અંકોનો સરવાળો 11 હોય તો, મૂળ સંખ્યા કઈ હશે ?

(A) 92
(B) 65
(C) 74
(D) 29

016. નીચેના પૈકી કયા દેશની પ્રયોગશાળાએ તાજેતરમાં ફ્યુઝન રીએક્શન (fusion reaction)માંથી 59 મેગા જુલ ઊર્જા ઉત્પન્ન કરી ?

(A) યુ.એસ.એ.
(B) ઈઝરાયેલ
(C) ચીન
(D) યુ.કે.



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

017. ઓપ્ટિકલ ફાઈબર .......... ના સિધ્ધાંત ઉપર કાર્ય કરે છે.

(A) પ્રકાશનું સંપૂર્ણ શોષણ
(B) પ્રકાશનું સંપૂર્ણ આંતરિક પરાવર્તન
(C) પ્રકાશનું વિવર્તન
(D) પ્રકાશનું પ્રકીર્ણન

018. તાજેતરમાં ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રીશ્રી દ્વારા સ્ત્રી સશક્તિકરણના ભાગરૂપે ગુજરાતમાં .......... ની બાલિકા પંચાયત મોડલને દેશના અન્ય ભાગોમાં પણ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી.

(A) શોભાષણ, ગાંધીનગર
(B) કુનરીયા, કચ્છ
(C) ગઠામણ, પાલનપુર
(D) માધાપુર, રાજકોટ

019. નીચે દર્શાવેલ વિકલ્પો પૈકીનાં કયાં સંગ્રહ સાધનની (STORAGE DEVICE) ક્ષમતા સૌથી વધારે છે ?

(A) SSD
(B) DVD
(C) SD CARDS
(D) ઉપરોક્ત પૈકી બધાજ

020. માઈક્રોસોફ્ટ વર્ડમાં શબ્દો પર રેખાંકિત ફોર્મેટિંગ (UNDERLINE FORMATTING) લાગુ કરે, પરંતુ શબ્દો વચ્ચેની જગ્યાઓ પર નહી તે માટેની શોર્ટ કટ કી (SHORTCUT KEY) .....

(A) Ctrl + Shift + W
(B) Ctrl + Shift + U
(C) Ctrl + U
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

021. ગુજરાતમાં વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે ?

(A) 26
(B) 11
(C) 182
(D) 552

022. સંસદમાં કેન્દ્રિય અંદાજપત્ર તૈયાર કરીને રજૂ કરવાની નીચે પૈકી કોની જવાબદારી છે ?

(A) મહેસૂલ વિભાગ
(B) આર્થિક બાબતોનો વિભાગ
(C) નાણાકીય સેવાઓનો વિભાગ
(D) ખર્ચ વિભાગ

023. નીચે પૈકી કયો વિકલ્પ સાચો નથી ?

(A) $\sqrt{248} > 16$
(B) $\sqrt{248} < 16$
(C) $\sqrt{348} > 18$
(D) $\sqrt{448} < 22$



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

024. R પોતાની આવકના 70% જેટલી રકમ ખર્ચ કરે છે અને આવકના 15% જેટલી રકમની બચત કરે છે. જો તેની પાસે રૂા. 3000 વધે તો તેની આવક કેટલી હશે ?

(A) રૂા. 12000
(B) રૂા. 20000
(C) રૂા. 24000
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

025. એક સમાંતર શ્રેણીનું પ્રથમ પદ 4 અને સામાન્ય તફાવત 5 હોય તો તેનું 20મું પદ કયું હશે ?

(A) 101
(B) 103
(C) 99
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

026. વિશ્વ પોલિયો દિવસ દર વર્ષે સમગ્ર વિશ્વમાં 24 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. નીચેના પૈકી કયું પોલિયો રોગનુ કારણ છે ?

(A) પોલિયોસાયલિટિસ (Poliocyelitis)
(B) પોલિયોમેલિટિસ (Poliomyelitis)
(C) પોલિયોડેન્ટીસ (Poliodentis)
(D) પોલિયોક્રાઈસ (Poliocries)

027. ભારત .......... ને "યુનીટરી ડિજિટલ આઈડેન્ટીટી ફ્રેમવર્ક" પ્રદાન કરવા સંમત થયું છે.

(A) નેપાળ
(B) શ્રીલંકા
(C) ભૂતાન
(D) બાંગ્લાદેશ

028. CONTROL + 2 શોર્ટ કટ કિ (SHORTCUT KEY) .......... માટે ઉપયોગમાં લેવાય છે.

(A) Excel Sheet માં ની પસંદ કરેલ ROW/COLUMN ને BOLD કરવા
(B) Excel Sheet માં ની પસંદ કરેલ CELL ને BOLD કરવા
(C) Excel Sheet માં ની પસંદ કરેલ CELL RANGE ને BOLD કરવા
(D) ઉપરોક્ત પૈકી બધાજ

029. ગુજરાત સરકારનાં વિભાગોનાં ઈ-મેલ અને વેબસાઈટો માટેનો DOMAIN NAME કયો છે ?

(A) gujarat.gov.in
(B) gujarat.in
(C) gov.gujarat.in
(D) ઉપરોક્ત તમામ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

030. નીચે પૈકીની કઈ DATA SOURCE ફાઈલ માઈક્રોસોફ્ટ વર્ડમાં MAIL MERGE માટે માન્ય છે ?

(A) SPREADSHEET

(B) TEXT FILES

(C) DATABASE SUCH AS MYSQL

(D) ઉપરોક્ત તમામ

031. નાણા પંચની રચના કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

(B) રાષ્ટ્રપતિ

(C) વડાપ્રધાન

(D) નાણામંત્રી

032. ભારતના એકત્રિત ફંડમાંથી નાણા ઉપાડવા માટેની અધિકૃતતા .......... તરફથી હોવી જરૂરી છે.

(A) ભારતના રાષ્ટ્રપતિ

(B) ભારતની સંસદ

(C) ભારતના પ્રધાનમંત્રી

(D) કેન્દ્રીય નાણામંત્રી

033. એક વ્યવસાયમાં પ્રિતેશ અને વિકાસની ભાગીદારી 5 : 3ના ગુણોત્તરમાં છે. જો પ્રિતેશે 12 મહિના માટે રૂા. 70000 રોક્યા હોય તો વિકાસે રૂા. 60000 કેટલા મહિના માટે રોક્યા હશે ?

(A) 7 મહિના

(B) 8 મહિના

(C) 10 મહિના

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

034. રવિ 4 વર્ષ માટે રૂા. 27000 સાદા વ્યાજે થાપણ તરીકે મૂકે છે. જો વ્યાજનો દર 4% હોય તો તેને વ્યાજ પેટે કેટલા રૂપિયા મળશે ?

(A) રૂા. 3420

(B) રૂા. 4220

(C) રૂા. 4120

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

035. એક પાસાને ફેંકવામાં આવે તો તેની પર બેકી સંખ્યા આવે તેની સંભાવના કેટલી ?

(A) 2/3

(B) 3/4

(C) 1/2

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

036. નીચેના પૈકી કઈ જોડી/જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

(A) બરાક મિસાઈલ – જહાજથી હવા, જહાજથી સપાટી

(B) નાગ મિસાઈલ – સપાટીથી સપાટી અને હવાથી સપાટી

(C) નિર્ભય મિસાઈલ – દરિયાઈ, જમીન, હવાઈ

(D) ઉપરોક્ત તમામ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

037. નીચેના પૈકી કયા સ્થળે ભારતીય નૌકા દળની બહુપક્ષીય કવાયત (Multilateral Exercise) મિલન - (MILAN) - 2022 યોજાઈ ?

(A) વિશાખાપટ્ટનમ્ (B) તૂતીકોરિન

(C) અરનાકુલમ્ (D) પોરબંદર

038. CONTROL + ; શોર્ટ કટ કિ (SHORTCUT KEY) .......... માટે ઉપયોગમાં લેવાય છે.

(A) Excel Sheet માં ની પસંદ કરેલ CELL (ACTIVE CELL) માં તે દિવસની તારીખ ઉમેરવા

(B) Excel Sheet માં ની પસંદ કરેલ CELL (ACTIVE CELL) માં સમય ઉમેરવા

(C) Excel Sheet માં ની પસંદ કરેલ CELL (ACTIVE CELL) માં તારીખ અને સમય બંને ઉમેરવા

(D) ઉપરોક્ત પૈકી બધાજ

039. નીચે દર્શાવેલ પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) 1 GB = 1000 MB (B) 1 GB = 1024 MB

(C) 1 MB = 1000 KB (D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

040. જો એક કરતા વધારે પાનાની એક કરતા વધારે નકલની પ્રિન્ટ કાઢવાની હોય છે, ત્યારે .......... વિકલ્પ પસંદ કરવામાં આવે છે.

(A) WHOLE (B) COLLECT

(C) COLLATE (D) ASSEMBLE

041. સમાનાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ આપો.

(A) પુષ્કળ, અબૂર, ભરપૂર (B) પુષ્કળ, ભરપૂર, સુમાર

(C) મસ, ભરપૂર, અતિ (D) ઘણું, ખૂબ, પુષ્કળ

042. શુદ્ધ વાક્યનો વિકલ્પ પસંદ કરો.

(A) શહેરમાં માદા ઢોરનું સરકારી દવાખાનું હોય જ.

(B) ગામમાં એક શાકભાજીવાળો ફેરિયો આવ્યો છે.

(C) ખાવા માટે બિલાડી દીવાલ ઉપર ચડી.

(D) બિલાડી ખાવા માટે દીવાલ ઉપર ચડી.

043. I am really worried _______ the exam.

(A) in (B) above

(C) about (D) of



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

044. There is a range of issues that need _______ by the funders and policymakers.

(A) to confront
(B) being confronted
(C) to have confronted
(D) to be confronted

045. We are certainly superior _______ the other teams.

(A) from
(B) to
(C) on
(D) of

046. ગુજરાતમાં સોલંકી કાળ દરમ્યાન નીચેના પૈકી કયા સંવત પ્રચલિત હતાં ?

1. વિક્રમ સંવત
2. સિંહ સંવત
3. શક સંવત
4. વલભી સંવત

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

047. અંગ્રેજ શાસન દરમ્યાન ગુજરાતમાં નીચેના પૈકી કયું દેશી રાજ્ય સૌથી મોટું હતું ?

(A) ભાવનગર
(B) જામનગર
(C) વડોદરા
(D) ગોંડલ

048. સ્વતંત્ર ભારતના બંધારણનું આમુખ એ નીચે પૈકી કોનું પરિવર્તિત સ્વરૂપ છે ?

(A) અમેરિકાનું બિલ ઓફ રાઈટ્સ
(B) પં. જવાહરલાલ નહેરૂ દ્વારા રજૂ કરવામાં આવેલ ઉદ્દેશ્ય પ્રસ્તાવ
(C) બ્રિટિશ મેગ્નાકાર્ટા
(D) સામ્યવાદના આદર્શો

049. લોકસભામાં એંગ્લો-ઇન્ડિયન વર્ગના પ્રતિનિધિત્વ અંગે નીચે પૈકી શું પ્રાસંગિક છે ?

(A) રાષ્ટ્રપતિ દ્વારા બે એંગ્લો-ઇન્ડિયનની નિયુક્તિ કરવામાં આવશે.
(B) એક એંગ્લો-ઇન્ડિયનનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે.
(C) 104મા બંધારણીય સુધારા અન્વયે એંગ્લો-ઇન્ડિયનને નિયુક્ત કરવાની જોગવાઈ રદ કરવામાં આવેલ છે.
(D) રાષ્ટ્રપતિ આદેશ દ્વારા એંગ્લો-ઇન્ડિયનને નિયુક્ત કરવાની જોગવાઈ રદ કરવામાં આવી છે.



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

050. ભારતમાં પ્રેસની સ્વતંત્રતા....
(A) સંસદ દ્વારા ઘડવામાં આવેલ કાયદા અન્વયે લોકોને પ્રાપ્ત થાય છે.
(B) ભારતના બંધારણમાં અલગથી જોગવાઈ કરવામાં આવેલ છે.
(C) વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના હક્કની અંદર સમાવેશ થાય છે.
(D) વહીવટી હુકમો અન્વયે લોકોને પ્રાપ્ત થાય છે.

051. સમાનાર્થી શબ્દો માટે યોગ્ય વિકલ્પ આપો.
(A) વાગીશા, વૈદેહી, શૈલજા, પાંચાલી
(B) ધરતી, ભૂમિ, ઇન્દુ, વસુધા
(C) જાનકી, શૈવલિની, જ્યોત્સના, રશ્મિ
(D) રમા, ઇન્દિરા, કમલા, શ્રી

052. વાક્યમાં કૃદંતનો પ્રકાર જણાવો : 'હું ખાવા માટે આવ્યો જ નથી.'
(A) હેત્વર્થ કૃદંત
(B) સામાન્ય કૃદંત
(C) સંબંધક કૃદંત
(D) ભૂત કૃદંત

053. He was very upset yesterday because he _______ that he _______ his phone.
(A) realised, will lose
(B) had realised, lost
(C) realised, had lost
(D) had realised, had lost

054. _______ he gets angry, he gets red in the face.
(A) The minute
(B) As long as
(C) Whenever
(D) Ever since

055. I will be your friend _______ you stay here _______ move away.
(A) not only, but also
(B) neither, nor
(C) either, or
(D) whether, or

056. .......... એ તેમની માતા મયણલ્લદેવીના આગ્રહથી સોમનાથનો યાત્રાવેરો રદ કર્યો.
(A) મૂળરાજ પહેલો
(B) ભીમદેવ પહેલો
(C) સિધ્ધરાજ
(D) કુમારપાલ

057. .......... રાજ્યએ સમગ્ર રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ 1907 માં ફરજીયાત કર્યું હતું.
(A) ભાવનગર
(B) વડોદરા
(C) લીંબડી
(D) જામનગર



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

058. ભારતમાં નાગરિકતા ગુમાવવા સંદર્ભે નીચે પૈકી કયું ધારાધોરણ લાગુ પડતું નથી ?

(A) અન્ય કોઈ રાષ્ટ્રની નાગરિકતા પ્રાપ્ત કરવી.

(B) ગેરરીતિ આચરીને ભારતની નાગરિકતા પ્રાપ્ત કરવી.

(C) ભારતમાં કામ કરવાની કોઈ પણ જાતની ઈચ્છા ન હોવા છતાં ભારતની નાગરિકતા પ્રાપ્ત કરવી.

(D) ઉપર પૈકી એકપણ નહીં

059. લોકસભામાં "શૂન્ય કાળ"નો નીચે પૈકી શું અર્થ થાય ?

(A) ભારતની લોકસભાની ચાલુ બેઠકનો પ્રથમ કલાક

(B) પ્રશ્નકાળ અને દિવસના એજન્ડા વચ્ચેનો સમય

(C) પ્રશ્નકાળ પહેલાંનો એક કલાક

(D) ટૂંકુ નિવેદન કે ટિપ્પણી

060. ભારતના બંધારણના અનુચ્છેદ 330 થી 342 નીચે પૈકી કોનાથી સંબંધિત છે ?

(A) રાજ્ય સેવાઓ અને વહીવટી ટ્રિબ્યુનલો, કેન્દ્રશાસિત પ્રદેશોની સંયુક્ત સેવાઓ

(B) કેન્દ્ર અને રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચેના વહીવટી સંબંધો વિશેષ કરીને વ્યાપાર અને GST

(C) અર્ધ-ન્યાયિક સંસ્થાઓ, લોક અદાલતો, ગ્રામ-અદાલતો

(D) લોકસભા અને રાજ્ય વિધાનસભામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વર્ગોથી સંબંધિત અનામત અને પ્રતિનિધિત્વ અંગેની બાબતો.

061. ભારતના બંધારણમાં કુલ કેટલી અનુસૂચિઓ (Schedule) સામેલ કરવામાં આવેલ છે ?

(A) 11

(B) 13

(C) 12

(D) 14

062. માહિતી અધિકાર અધિનિયમ કયા વર્ષમાં લાવવામાં આવ્યો ?

(A) વર્ષ 2004

(B) વર્ષ 2005

(C) વર્ષ 2006

(D) વર્ષ 2007

063. રાજ્યપાલને હોદ્દાની શપથ કોણ લેવડાવે છે ?

(A) કેન્દ્રીય ગૃહમંત્રી

(B) નામદાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ

(C) રાષ્ટ્રપતિ

(D) વડાપ્રધાન



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

064. P એક કામ 16 દિવસમાં અને Q તે કામ 20 દિવસમાં પૂર્ણ કરે છે. જો બંને સાથે કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પૂર્ણ થશે ?

(A) 40/9 દિવસ
(B) 20/9 દિવસ
(C) 80/9 દિવસ
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

065. એક લંબચોરસની પહોળાઇ 25 સેમી છે. જો તેનું ક્ષેત્રફળ 1025 ચો.સેમી હોય તો તેની પરિમિતી કેટલી થશે ?

(A) 60 સેમી
(B) 64 સેમી
(C) 66 સેમી
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

066. ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનાંક પ્રાધિકરણ (The Food Safety and Standards Authority of India) .......... માટે ભારતની "હેલ્થ સ્ટાર રેટીંગ સીસ્ટમ"ની નવી રેટીંગ સીસ્ટમ દાખલ કરવા જઈ રહ્યું છે.

(A) આયાતી ખોરાક
(B) પેકેજ્ડ ખોરાક
(C) નિકાસ કરેલ ખોરાક
(D) રેસ્ટોરન્ટ ખોરાક

067. વૈજ્ઞાનિકોને તાજેતરમાં .......... ના જંગલોમાં વ્હાઈટ ચીક્ડ મૈકાક (White-Cheeked Macaque) વાનર જોવા મળ્યો છે.

(A) છત્તીસગઢ
(B) અરૂણાચલ પ્રદેશ
(C) ઓડિશા
(D) આસામ

068. વર્ષ 2022-23 માટેના ગુજરાત રાજ્યના અંદાજપત્રમાં નીચેના પૈકી કયા વિભાગ માટે સૌથી વધુ જોગવાઈ કરવામાં આવી છે ?

(A) સ્વાસ્થ્ય
(B) શિક્ષણ
(C) માર્ગ-મકાન
(D) કૃષિ

069. એક NIBBLE એટલે ..........

(A) 4 BYTE
(B) 4 BITS
(C) ઉપરોક્ત બંને
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

070. SSID એ કોનું ટૂંકુ નામ છે ?

(A) SERVICE SOLVED INDENTIFIER
(B) SERVICE SERVER INDENTIFIER
(C) SERVICE SET IDENTIFIER
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

071. 6 થી 14 વર્ષની વયના પ્રત્યેક બાળકોને શિક્ષણનો મૂળભૂત અધિકાર બંધારણની કઈ કલમમાં સમાવિષ્ટ છે ?

(A) અનુચ્છેદ 22-અ
(B) અનુચ્છેદ 21-અ
(C) અનુચ્છેદ 23
(D) અનુચ્છેદ 21

072. કેન્દ્રીય સતર્કતા આયોગની રચના કઈ સમિતિની ભલામણથી કરવામાં આવી હતી ?

(A) સંથાનમ સમિતિ
(B) મંડલ સમિતિ
(C) સ્વર્ણસિંહ સમિતિ
(D) તેજ બહાદૂર સપ્રુ સમિતિ

073. એક વર્ગમાં 30 વિદ્યાર્થીઓની સરેરાશ વય 15 વર્ષ છે. જો વિદ્યાર્થીઓની ઉંમરમાં 2 શિક્ષકોની ઉંમર પણ ઉમેરવામાં આવે તો નવી સરેરાશ 1 જેટલી વધે છે. તો તે બે શિક્ષકોની કુલ ઉંમર કેટલી હશે ?

(A) 56 વર્ષ
(B) 60 વર્ષ
(C) 62 વર્ષ
(D) 64 વર્ષ

074. જો $x + 6y = 13$ અને $x + 4y = 15$ હોય તો $y$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 1
(B) – 2
(C) – 3
(D) – 1

075. એક સમદ્વિબાજુ ત્રિકોણની બે સરખી બાજુઓનું માપ 10 સેમી છે. જો તેની ત્રીજી બાજુ પરના વેધની લંબાઈ 8 સેમી હોય તો ત્રીજી બાજુનું માપ કેટલું હશે ?

(A) 6 સેમી
(B) 12 સેમી
(C) 16 સેમી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

076. શૂન્ય ભેદભાવ દિવસ (Zero Discrimination Day) .......... ના રોજ વિશ્વભરમાં ઉજવાય છે અને તેનું ચિન્હ .......... છે.

(A) 1લી ફેબ્રુઆરી, કાળી કીડી
(B) 1લી જાન્યુઆરી, કૂતરો
(C) 1લી માર્ચ, પતંગિયું
(D) 1લી એપ્રિલ, જંગલી ભેંસ

077. ભારત સરકાર વિદેશમાંથી રોગમુક્ત અને સ્વસ્થ વર્તણૂક ધરાવતા .......... ને ફરીથી લાવવાનું આયોજન કરી રહી છે.

(A) જંગલી સુવર
(B) શિયાળ
(C) ચિત્તો
(D) ગીધ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

078. CONTROL + 9 શોર્ટ કટ કિ (SHORTCUT KEY) .......... માટે ઉપયોગમાં લેવાય છે.

(A) Excel Sheet માં ની પસંદ કરેલ ROW ને અનહાઈડ (UNHIDE) કરવા

(B) Excel Sheet માં ની પસંદ કરેલ COLUMN ને હાઈડ (HIDE) કરવા

(C) Excel Sheet માં ની પસંદ કરેલ ROW ને હાઈડ (HIDE) કરવા

(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

079. A, B, C, D, E, F કોમ્પ્યુટરમાં વપરાતી કઈ સંખ્યા પધ્ધતિ (NUMBER SYSTEM) માં ઉપયોગ થાય છે ?

(A) બાયનરી સંખ્યા પધ્ધતિ (BINARY NUMBER SYSTEM)

(B) ઓક્ટલ સંખ્યા પધ્ધતિ (OCTAL NUMBER SYSTEM)

(C) ઉપરોક્ત બંને

(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

080. WINDOWS OPERATING SYSTEMની સૌથી છેલ્લી આવૃત્તિ કઈ છે ?

(A) WINDOWS 10
(B) WINDOWS 11
(C) WINDOW 12
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

081. સંધિ માટે યોગ્ય વિકલ્પ કયો છે ?

(A) અપ્ + જ = અબ્જ
(B) દિગ + અંત = દિગંત
(C) જગત્ + ગુરુ = જગદગુરુ
(D) ષડ્ + આનન = ષડાનન

082. શબ્દસમૂહો માટે એક શબ્દનો સાચો વિકલ્પ શોધો.

(A) છાપરા ઉપર જવાનું બાકું = મગરિયું

(B) પાણી ભરી લાવવાની ચામડાની ગૂણ = કોથળી

(C) રાઈનાં દાણા જેટલું વજન = સરસિયું

(D) ચાર છેડે પહેરેલું = ચોગમ

083. અલંકાર ઓળખાવો : 'પ્રેમની પ્રેમની પ્રેમની રે, મુને લાગી કટારી પ્રેમની રે.'

(A) રૂપક
(B) શ્લેષ
(C) વ્યતિરેક
(D) અનન્વય



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

084. _____ these tools are cheap in price, they do stand the test of time.

(A) Because
(B) In order that
(C) Although
(D) As soon as

085. Select the correct synonym for the word '*affluent*'.

(A) destitute
(B) poor
(C) rich
(D) impoverished

086. સાબરકાંઠા જિલ્લાના .......... ગામમાં "હરિશચંદ્રની ચોરી" નામે ઓળખાતું તોરણ આવેલું છે.

(A) ઈડર
(B) વડનગર
(C) શામળાજી
(D) સિધ્ધપુર

087. ક્રાન્તિકારી સમાજસુધારક મહર્ષિ દયાનંદનો જન્મ .......... ખાતે થયો હતો.

(A) ટંકારા
(B) વડનગર
(C) પાટણ
(D) સિધ્ધપુર

088. કોચરબમાં ગાંધીજીએ .......... ના મકાનને ભાડે રાખી ત્યાં આશ્રમ શરૂ કર્યો હતો.

(A) જીવણલાલ બેરિસ્ટર
(B) અનસૂયાબેન સારાભાઈ
(C) રણછોડલાલ મહેતા
(D) હરકોર શેઠાણી

089. ભારતના બંધારણ મુજબ ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક ....

(A) તેઓનો કાર્યકાળ સમાપ્ત થયા પછી જ પદ પરથી દૂર કરી શકાય.
(B) રાષ્ટ્રપતિની ઈચ્છા અનુસાર પદ ધારણ કરશે.
(C) સંસદ દ્વારા સાધારણ બહુમતિથી દૂર કરી શકાય.
(D) સંસદ દ્વારા વિશેષ બહુમતિથી દૂર કરી શકાય.

090. નીચે પૈકી કયું સ્વતંત્ર રાજ્ય ત્યાંના લોકોની સહમતિથી ભારતીય સંઘમાં વિલય થયું ?

(A) જમ્મુ અને કાશ્મીર
(B) સિક્કિમ
(C) ગોવા
(D) હૈદરાબાદ

091. દ્વન્દ્વ સમાસનું ઉદાહરણ ઓળખાવો.

(A) દેવદૂત
(B) વિશ્વવાડી
(C) નાચગાન
(D) ઘરધણી



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

092. સાચી જોડણીનો વિકલ્પ શોધો.

(A) ભાગીરથી, ઋજૂતા, વિભુતિં, ઊર્ધ્વગામી

(B) ભાગિરથી, ઋજુતા, વિભુતિ, ઉર્ધ્વગામી

(C) ભાગીરથી, ઋજુતા, વિભૂતિ, ઊર્ધ્વગામી

(D) ભાગીરથી, ઋજૂતા, વિભૂતિ, ઊર્ધ્વગામિ

093. છંદના યોગ્ય જોડકાંનો વિકલ્પ આપો.

| | |
|---|---|
| 1. હરિગીત | ક. નગરજનને સંબંધીએ વ્યથા વીસરી શક્યા. |
| 2. પૃથ્વી | ખ. જે પોષતું તે મારતું એ ક્રમ નથી શું કુદરતી ? |
| 3. હરિણી | ગ. દાદા વાંકી, રસિક કરતી ગોષ્ઠિથી બાળ રાજી. |
| | ઘ. ધમાલ ન કરો, જરાય નહિ નૈન ભીનાં થશો. |

(A) 1 - ગ, 2 - ક, 3 - ઘ

(B) 1 - ખ, 2 - ઘ, 3 - ક

(C) 1 - ઘ, 2 - ખ, 3 - ગ

(D) 1 - ખ, 2 - ઘ, 3 - ગ

094. They won't be able to join us tomorrow _______ they have enough money.

(A) because of the fact that

(B) due to the fact that

(C) despite the fact that

(D) on account of the fact that

095. Select the correct antonym for the word *'chaste'*.

(A) virtuous (B) stained (C) innocent (D) righteous

096. .......... પાસે આવેલા દેવની મોરી નામે ગામ પાસે આવેલા ટેકરાઓમાં ઉત્ખનન કરતાં એક મોટો ઈંટેરી સ્તૂપ અને બે ઈંટેરી વિહાર મળી આવ્યાં હતાં.

(A) શામળાજી

(B) તળાજા

(C) જૂનાગઢ

(D) સિધ્ધપુર

097. હિન્દ સાથે દેશી રાજ્યોના જોડાણ બાબતે જૂનાગઢના નીચેના પૈકી કયું આશ્રિત રાજ્ય ભારતીય સંઘ સાથે જોડાયું અને ભારત સરકારે તેનાં જોડાણને માન્યતા આપીને તેના રક્ષણ માટે ત્યાં લશ્કર મૂક્યું ?

(A) બાબરિયાવાડ

(B) માણાવદર

(C) માંગરોળ

(D) બાંટવા



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

098. પઢાર નૃત્ય બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ નૃત્યમાં પઢાર યુવકો હાથમાં મંજીરા લઈ ગોળાકારમાં નૃત્ય કરતા બે પગ પહોળા કરી બેસી હલેસા મારતાં હોય એવો અભિનય કરે છે.

2. આ નૃત્યમાં બે ટૂકડીઓ હોય છે. એક સ્ત્રી અને એક પુરુષ એવી ગોઠવણીમાં એકબીજાની કમ્મરે હાથ રાખી નૃત્ય કરે છે.

3. આ નૃત્ય પુરુષો કરે છે અને સાથે સમૂહમાં ગાતા પણ હોય છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

099. કેન્દ્ર સરકાર દ્વારા કર અને અન્ય આવકો દ્વારા પ્રાપ્ત થતું મહેસૂલ ક્યાં જમા થાય છે ?

(A) ભારતની આકસ્મિક નિધિ
(B) ભારતનું જાહેર ખાતું
(C) ભારતની સંચિત નિધિ
(D) જમા અને વ્યાજ નિધિ

100. લોક સાર્વભૌમત્વના સિધ્ધાંતમાં નીચે પૈકી કોનો સમાવેશ થાય ?

(A) અંતિમ સત્તા લોકોમાં નિહિત છે.
(B) આ સત્તા નિયમિત અંતરાલમાં થનાર ચૂંટણીથી નવીનીકરણ પામે છે.
(C) કારોબારી વિધાનમંડળના (ધારાસભાના) માધ્યમથી લોકોને જવાબદાર બને છે.
(D) ઉપરના બધા

101. 'વિજ્ઞાન' શબ્દની સાચી ધ્વનિશ્રેણી કઈ છે ?

(A) વ્ + ઇ + જ્ઞ + આ + ન્ + અ
(B) વ્ + ઇ + જ્ + ગ્ + આ + ન્ + અ
(C) વ્ + ઈ + જ્ + આ + ન
(D) વ્ + ઇ + ગ + ન + આ + ન

102. વિરુદ્ધાર્થી શબ્દ માટે જોડકાંનો યોગ્ય વિકલ્પ આપો.

| | |
|---|---|
| 1. વિદથ | ક. સુખ |
| 2. વૃજિન | ખ. ઠંડક |
| 3. અતાલીક | ગ. પ્રિય |
| 4. અલીક | ઘ. વિદ્યાર્થી |
| | ચ. મૂર્ખ |

(A) 1 - ચ, 2 - ઘ, 3 - ગ, 4 - ક
(B) 1 - ઘ, 2 - ગ, 3 - ચ, 4 - ખ
(C) 1 - ખ, 2 - ચ, 3 - ઘ, 4 - ક
(D) 1 - ચ, 2 - ક, 3 - ઘ, 4 - ગ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

103. વિરુદ્ધાર્થી કહેવત આપો : 'ખાધું ખભે આવે '

(A) ભૂખ્યું એને કાંઈ ન દુખ્યું
(B) ખાધું ધાન ને ગયું માન
(C) ફરે તે ચરે, બાંધ્યું ભૂખે મરે
(D) ભૂખે મરતો ચોરી શીખે

104. The injured _______ to the ambulance while the people _______ around the crime scene.

(A) were being taken, were gathering
(B) have been taken, gathered
(C) have been taken, gather
(D) were taken, would gather

105. He said to her, "Are you coming to the party?" *(Change the speech)*

(A) He asked her whether she was coming to the party.
(B) He told her if she was coming to the party.
(C) He asked her if she would be coming to the party.
(D) He asked her if she will be coming to the party.

106. ગુજરાતનું હડપ્પીય સંસ્કૃતિનું પ્રખ્યાત સ્થળ રોજડી .......... નદીના કાંઠે આવેલું છે.

(A) સાબરમતી
(B) મહી
(C) નર્મદા
(D) ભાદર

107. શ્યામજી વર્માના સાથીદાર અને મેડમ કામાની સાથે મુખ્યત્વે પેરિસમાંથી ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ ચલાવનાર સરદારસિંગ રાણા .......... ના મૂળ વતની હતા.

(A) રાજકોટ
(B) લીંબડી
(C) મોરબી
(D) ભાવનગર

108. આશ્રમશાળાની શરૂઆત .......... એ કરી હતી.

(A) વિનોબા ભાવે
(B) ગાંધીજી
(C) ઈન્દુલાલ યાજ્ઞિક
(D) મહાદેવભાઈ દેસાઈ

109. સમાજમાં સમાનતા હોવી એ નીચે પૈકી કોની ગેરહાજરી દર્શાવે છે ?

(A) વિશેષાધિકારો
(B) પ્રતિબંધો
(C) સ્પર્ધા
(D) વિચારધારા



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

110. સરકારિયા આયોગની ભલામણો ઉપરાંત, નીચે પૈકી કયા આયોગે ગવર્નરના ચોક્કસ પાંચ વર્ષના કાર્યકાળ અંગેની ભલામણ કરી હતી ?

(A) પુંછી આયોગ
(B) તારકુંડે આયોગ
(C) રાજમન્નાર આયોગ
(D) મેનોન આયોગ

111. રીતિવાચક ક્રિયાવિશેષણ વપરાયું હોય તે વાક્ય પસંદ કરો.

(A) વિદ્યાર્થીઓ આજે શાળામાં વહેલાં આવ્યાં.
(B) રાગિણી બેઠી બેઠી ગાયા કરે છે.
(C) અમે ગયા ત્યારે નર્મદામાં પુષ્કળ પાણી હતું.
(D) અમે છેલ્લે મંદિરમાં દર્શન કરવાં ગયાં.

112. શબ્દસમૂહો માટે એક શબ્દ આપો : 'પિયરમાં કોઈ ન હોય એવી'.

(A) વિપીરી
(B) નપીરી
(C) નઘરી
(D) અનાથ

113. અલંકારનું કયું ઉદાહરણ જુદું પડે છે ?

(A) માણેકની ચીસ એમની પાછળ દોડતી દોડતી ચાલી.
(B) ખીણમાંથી સાગ છેક સૂર્ય સાથે હરીફાઈ કરવા મથે.
(C) લળી લળીને હેત કરતાં વાંસનાં ઝૂંડનાં ઝુંડ.
(D) મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે.

114. It was six o'clock and he _______ bored because he _______ for two hours.

(A) was, was waiting
(B) was, had been waiting
(C) had been, had waited
(D) was, is waiting

115. He said, "I saw a book here." *(Change the speech)*

(A) He said that he saw a book here.
(B) He said that he saw a book there.
(C) He said that he had seen a book here.
(D) He said that he had seen a book there.



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

116. ......... એ સરસ્વતી નદીના તટ પર લાક્ખારામ ગામ પાસે અણહિલ પાટક (અણહિલવાડ) નામે નવું પત્તન (પાટણ) વસાવ્યું અને ત્યાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો.

(A) વનરાજ ચાવડા
(B) સિધ્ધરાજ સોલંકી
(C) મૂળરાજ ચાવડા
(D) જયદ્રથ

117. ......... એ ભારતમાં સૌ પ્રથમ ગુજરાતી છાપખાનું મુંબઈમાં શરૂ કર્યું હતું.

(A) જમશેદજી તાતા
(B) દાદાભાઈ નવરોજી
(C) પેસ્તનજી બાવાજી
(D) ફરદુનજી મર્ઝબાન

118. "ગુરૂ કીધા મેં ગોકુળનાથ નગુરા મનને ઘાલીનાથ." કોની જાણીતી કાવ્યપંક્તિઓ છે ?

(A) અખો
(B) નરસિંહ મહેતા
(C) મીરાંબાઈ
(D) શામળ

119. ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સમાવેશનો ઉદ્દેશ્ય નીચે પૈકી શું છે ?

(A) રાજનીતિક લોકશાહી
(B) કાયદાકીય લોકશાહી
(C) ગાંધીવાદી લોકશાહી
(D) સામાજીક અને આર્થિક લોકશાહી

120. જાન્યુઆરી, 1966 માં રચવામાં આવેલ પ્રથમ વહીવટી સુધારણા આયોગની અધ્યક્ષતા શરૂઆતમાં કોણે કરી હતી ?

(A) મોરારજી આર. દેસાઈ
(B) એચ. સી. માથુર
(C) એચ. વી. કામથ
(D) કે. હનુમન્થૈયા

121. જુદા પડતા સામાસિક શબ્દનો પ્રકાર ઓળખાવો :

'તકસાધુ પાણીકળો પગરખાં માટે રોકકળ કરી ભીખમંગો કહેવાયો.'

(A) ઉપપદ
(B) તત્પુરુષ
(C) દ્વન્દ્વ
(D) કર્મધારય

122. સાચી જોડણીનો વિકલ્પ શોધો.

(A) શર્વરી, વિભાવરિ, પૂર્ણિમા, ઉછંગ
(B) શર્વરી, વિભાવરી, પુર્ણિમા, ઉછંગ
(C) શર્વરિ, વિભાવરી, પૂર્ણિમા, ઉછગ
(D) શર્વરી, વિભાવરી, પૂર્ણિમા, ઉછંગ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

123. છંદનું સાચું બંધારણ ઓળખાવો.

(A) શિખરિણી - 17 અક્ષર, ય મ ન સ ભ લ ગા

(B) મંદાક્રાન્તા - 17 અક્ષર, મ ભ ન ત ત લ ગા

(C) માલિની - 15 અક્ષર, ન ન મ જ ય

(D) વસંતતિલકા -14 અક્ષર, ત ભ જ જ લ ગા

124. Further research _______ before we know if mushroom extracts _______ to treat cancer patients.

(A) will be needed, can be used

(B) must have needed, have used

(C) could be needed, were used

(D) are needed, may be used

125. The only way to succeed in life is _______ hard work.

(A) through
(B) alongside
(C) inside
(D) towards

126. મૈત્રક રાજ્યની રાજધાની વલભી .......... આવેલી પ્રસિધ્ધ નગરી હતી.

(A) દક્ષિણ ગુજરાત વિસ્તારમાં
(B) સૌરાષ્ટ્રના પૂર્વ ભાગમાં
(C) કચ્છમાં
(D) મધ્ય ગુજરાતમાં

127. આઝાદી પછી એકીકૃત સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ રાજપ્રમુખ પદે .......... નિયુક્ત થયાં.

(A) ઉછંગરાય ઢેબર
(B) બળવંતરાય મહેતા
(C) જામસાહેબ
(D) શામળદાસ ગાંધી

128. નીચેના પૈકી ગુજરાતના કયા લોકવાદ્યો સુષિર વાદ્યો છે ?

1. વેણુ

2. ભૂંગળ

3. પાવરી

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

129. રાજ્ય વિધાનસભા નીચે પૈકી કોના માટે જોગવાઈ કરી શકે ?

(A) ગ્રામ સ્તરે પંચાયતના અધ્યક્ષ બાબતે

(B) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વર્ગને બેઠકોમાં અનામત આપવા બાબતે

(C) મહિલાઓ માટે બેઠકોમાં અનામત બાબતે

(D) ઉપરના બધા

130. રાજ્યોની વિધાન પરિષદના કુલ સભ્યો સંદર્ભે નીચે પૈકી કયું સાચું છે ?

(A) 50 થીઓછા ન હોવા જોઈએ

(B) રાજ્ય વિધાનસભાના કુલ સભ્યોના 1/3 થી વધવા ન જોઈએ.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

131. નીચેના વિકલ્પોમાં વિધ્યર્થ વાક્યનો વિકલ્પ ઓળખાવો.

(A) ભાઈ, જરા પંખો લાવો તો.

(B) દેવદૂતોએ ફોસલાવીને છૂટો પાડ્યો.

(C) મને તો કંઈ એવો હરખ થાય !

(D) બા, મોડું થાય છે, હવે નીકળવું જોઈએ.

132. રૂઢિપ્રયોગનો અયોગ્ય અર્થ શોધો : 'ભોંયમાંથી ભભૂકો નીકળવો'

(A) અણધારી જગ્યાએથી હુમલો થવો

(B) એકાએક લડાઈ જાગવી

(C) ન ધારેલી આફત આવવી

(D) એકદમ ક્રોધાવેશ પ્રગટવો

133. _______ oranges are grown in Nagpur.

(A) A

(B) An

(C) The

(D) No article

134. He used his ability to make people _______ that he _______ future events.

(A) believed, would predict

(B) believe, could predict

(C) to believe, might predict

(D) believing, should predict



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

135. We have received no complaints from the people living one floor _______ us.

(A) down under
(B) under
(C) below
(D) underneath

136. નીચેના પૈકી કયા રાજવીએ અપુત્ર વિધવાનું ધન જપ્ત કરી લેવાનો ક્રૂર રિવાજ દૂર કરીને રાજ્યની મોટી આવક જતી કરી ?

(A) સિધ્ધરાજ જયસિંહ
(B) ભીમદેવ-I
(C) ભીમદેવ-II
(D) કુમારપાલ

137. ગુજરાતી સાહિત્યમાં પ્રથમ નવલકથા "કરણઘેલો" લખનાર .......... હતાં.

(A) નંદશંકર
(B) મહીપતરામ રૂપરામ
(C) બહેરામજી મલબારી
(D) નર્મદ

138. નીચે પૈકી કઈ લાક્ષણિકતા ભારત અને અમેરિકાના બંધારણમાં સમાન રીતે જોવા મળે છે ?

(A) સ્વતંત્ર ન્યાયપાલિકા
(B) સ્વતંત્ર કેન્દ્ર અને રાજ્ય
(C) રાજ્યપાલની નિમણૂક
(D) નાગરિકતા

139. પ્રાંતોમાં અંશતઃ જવાબદાર સરકારોની રચના નીચે પૈકી કયા એક્ટ દ્વારા કરવામાં આવી ?

(A) ભારત સરકાર અધિનિયમ, 1919
(B) ભારત સરકાર અધિનિયમ, 1935
(C) ભારત સરકાર અધિનિયમ, 1909
(D) ભારત સરકાર અધિનિયમ, 1892

140. નીચે પૈકી કઈ સંસ્થા અર્ધ-ન્યાયિક નથી ?

(A) ભારતનું બેંકિંગ લોકપાલ
(B) કૉમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયા
(C) ભારતીય રીઝર્વ બેંક
(D) ઉપરના પૈકી એકપણ નહીં

141. રાજ્યસભામાં સદસ્યની મુદત કેટલી હોય છે ?

(A) 4 વર્ષ
(B) 5 વર્ષ
(C) 6 વર્ષ
(D) 3 વર્ષ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

142. અનુચ્છેદ 213 અનુસાર રાજ્યપાલ નીચેનામાંથી કોઈ એક માટે અધિકાર ધરાવે છે ?

(A) વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી શકે છે.

(B) ધારાસભાના વિરામ દરમિયાન અધ્યાદેશ જાહેર કરી શકે છે.

(C) હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરી શકે છે.

(D) કટોકટીની સત્તાનો ઉપયોગ.

143. બંધારણમાં અનુચ્છેદ 341માં જણાવ્યા મુજબની અનુસૂચિમાં સમાવિષ્ટ જાતિને .......... તરીકે ઓળખવામાં આવે છે.

(A) અનુસૂચિત જાતિ

(B) અનુસૂચિત જનજાતિ

(C) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ

(D) ઉપર પૈકી એકપણ નહીં

144. એક ચોરસની પરિમિતી 96 સેમી છે. તો તેના વિકર્ણની લંબાઈ કેટલી હશે ?

(A) $2\sqrt{24}$ સેમી

(B) $24\sqrt{2}$ સેમી

(C) 48 સેમી

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

145. નીચે આપેલી માહિતીનો બહુલક કેટલો થશે ?

4, 4, 56, 78, 32, 40, 57, 78, 4, 56

(A) 56

(B) 78

(C) 4

(D) આપેલી માહિતીને બહુલક નથી

146. વર્ષ 2022 ના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની વિષયવસ્તુ (theme) .......... છે.

(A) ઈન્ટીગ્રેટેડ એપ્રોચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સસ્ટેનેબલ ફયુચર

(B) હોલીસ્ટીક એપ્રોચ ફોર સાયન્સ એન્ડ ટેનોલોજીકલ ડેવલપમેન્ટ

(C) સાયન્સીઝ એન્ડ ટેકનોલોજી - ફયુચર ચેલેન્જીસ એન્ડ ઓપોરચ્યુનીટીઝ

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

147. બાંગ્લાદેશે 420 બ્રોડગેજ વેગન ખરીદવા માટે .......... ભારતીય કંપની સાથે કરાર કર્યો છે.

(A) ટાટા વેગન ઈન્ડસ્ટ્રીઝ

(B) ઈન્ડીયન રેલ કોચ ફેક્ટરી

(C) ભારત ફોર્જ લિમિટેડ

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

148. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડીશનલ મેડીસીન - (GCTM)' તરીકે નીચેના પૈકી કોને પસંદ કરવામાં આવ્યું છે ?

(A) અમદાવાદ (B) સુરત

(C) જામનગર (D) ભાવનગર

149. નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી ઓપરેટીંગ સોફ્ટવેર કયો છે ?

(A) UBUNTU LINUX (B) MICROSOFT WINDOWS

(C) UNIX (D) ઉપરોક્ત પૈકી બધાજ

150. માઈક્રોસોફ્ટ વર્ડમાં SHIFT + 12 શોર્ટ-કટ કિ (SHORTCUT KEY) .....

(A) માઈક્રોસોફ્ટ વર્ડની ફાઈલ સંગ્રહ કરવા (TO SAVE MICROSOFT WORD FILE)

(B) માઈક્રોસોફ્ટ વર્ડની ફાઈલ બંધ કરવા (TO CLOSE MICROSOFT WORD FILE)

(C) માઈક્રોસોફ્ટ વર્ડની ફાઈલ ખોલવા (TO OPEN MICROSOFT WORD FILE)

(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

151. રાજ્યના મુખ્યમંત્રીની નિમણૂંક .......... દ્વારા થાય છે.

(A) રાષ્ટ્રપતિ દ્વારા (B) વડાપ્રધાન દ્વારા

(C) રાજ્યપાલ દ્વારા (D) હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા

152. ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનના આધારે ભેદભાવો પર પ્રતિબંધ બંધારણના કયા અનુચ્છેદમાં વર્ણવેલ છે ?

(A) અનુચ્છેદ 14 (B) અનુચ્છેદ 15

(C) અનુચ્છેદ 16 (D) અનુચ્છેદ 17

153. રાષ્ટ્રપતિ દ્વારા એટર્ની જનરલની નિમણૂક બંધારણના કયા અનુચ્છેદ હેઠળ કરવામાં આવે છે ?

(A) અનુચ્છેદ 73 (B) અનુચ્છેદ 74

(C) અનુચ્છેદ 75 (D) અનુચ્છેદ 76

154. એક ટ્રેન 45 કિ.મી./કલાકની ઝડપે ગતિ કરે છે. તે સામેથી 55 કિ.મી./કલાકની ઝડપે આવતી તેના જેટલી જ લંબાઈની એક બીજી ટ્રેનને 18 સેકન્ડમાં પસાર કરે તો તે ટ્રેનની લંબાઈ કેટલી હશે ?

(A) 500 મીટર (B) 250 મીટર

(C) 750 મીટર (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

155. એક ગોળાની ત્રિજ્યા 21 સેમી હોય તો તેનું ઘનફળ કેટલું થશે ?

(A) 38808 ઘન સેમી
(B) 32808 ઘન સેમી
(C) 12438 ઘન સેમી
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

156. કોર્બેવેક્સ રસીને ભારત સરકાર તરફથી કટોકટી ઉપયોગની અધિકૃતતા (Emergency used Authorization) મળેલ છે. આ રસી .......... દ્વારા વિકસાવવામાં આવી છે.

(A) ભારત બાયોકોન
(B) બાયોલોજીકલ ઈ લિમિટેડ
(C) ઝાયડસ કેડિલા
(D) ડૉ. રેડ્ડી લેબ

157. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ ટ્રેનના ભાગ તરીકે .......... ભારતનું પ્રથમ બુલેટ ટ્રેન રેલ્વે સ્ટેશન છે.

(A) અમદાવાદ
(B) મુંબઈ
(C) સુરત
(D) વડોદરા

158. તાજેતરમાં એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલ (ACI) દ્વારા વર્ષ 2021 માટે એરપોર્ટ સર્વીસ ક્વોલીટી (ASQ) બાબતનો કદ અને પ્રદેશ પ્રમાણે "બેસ્ટ એરપોર્ટ બાય સાઈઝ એન્ડ રીજીયન"નો ઍવોર્ડ નીચેના પૈકી કયા એરપોર્ટને મળ્યો ?

(A) રાજકોટ
(B) વડોદરા
(C) સુરત
(D) અમદાવાદ

159. IMPACT અને NON-IMPACT આ બે પ્રકારના .......... છે.

(A) HARD DISKS
(B) MEMORY
(C) PRINTERS
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

160. માઈક્રોસોફ્ટ વર્ડમાં CONTROL + 1 શોર્ટ-કટ કિ (SHORTCUT KEY) .....

(A) માઈક્રોસોફ્ટ વર્ડની ફાઈલમાં સિંગલ લાઈન સ્પેસીંગ (SINGLE LINE SPACING)
(B) માઈક્રોસોફ્ટ વર્ડની મદદ મેળવવા (TO OPEN MICROSOFT WORD HELP)
(C) માઈક્રોસોફ્ટ વર્ડની ફાઈલમાં HYPERLINK મૂકવા (TO INSERT HYPERLINK)
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

161. ડૉ. આંબેડકર દ્વારા નીચે પૈકી કયા અનુચ્છેદને બંધારણનો આત્મા કહ્યો છે ?

(A) અનુચ્છેદ 32
(B) અનુચ્છેદ 368
(C) અનુચ્છેદ 19
(D) અનુચ્છેદ 15



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

162. "ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવું." આ જોગવાઈ .......... માં કરવામાં આવી છે.

(A) બંધારણના આમુખમાં
(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો
(C) મૂળભૂત હક્કો
(D) મૂળભૂત ફરજો

163. 10 વર્ષ પહેલા યુવરાજની ઉંમર રોહિતની તે સમયની ઉંમરના 1/3 જેટલી હતી. જો હાલ યુવરાજની ઉંમર 18 વર્ષ હોય તો રોહિતની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 34 વર્ષ
(B) 36 વર્ષ
(C) 38 વર્ષ
(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

164. બે સંખ્યાઓનો લ.સા.અ. 8919 અને તેમનો સરવાળો 1000 હોય તો તે સંખ્યાઓ કઈ હશે ?

(A) 989 અને 11
(B) 993 અને 7
(C) 991 અને 9
(D) 983 અને 17

165. 17 જુન, 1998 ના દિવસે કયો વાર હતો ?

(A) સોમવાર
(B) મંગળવાર
(C) બુધવાર
(D) ગુરુવાર

166. હિમોફિલિયા એ આનુવંશિક વિકાર છે જે .......... તરફ દોરી જાય છે.

(A) હિમોગ્લોબિનના સ્તરમાં ઘટાડો
(B) સંધિવા હૃદયરોગ
(C) શ્વેત રક્તકોષોમાં ઘટાડો
(D) રક્તનું ગંઠાઈ ન જવું

167. ગુજરાતને સતત .......... વર્ષે સૌથી વધુ સીધુ વિદેશી રોકાણ (FDI) પ્રાપ્ત થયું છે.

(A) પાંચમા
(B) બીજા
(C) ત્રીજા
(D) ચોથા

168. SHIFT + SPACE BAR શોર્ટ કટ કિ (SHORTCUT KEY) .......... માટે ઉપયોગમાં લેવાય છે.

(A) Excel Sheet માં ની એક ROW સીલેક્ટ (SELECT) કરવા
(B) Excel Sheet માં ની એક COLUMN સીલેક્ટ (SELECT) કરવા
(C) Excel Sheet માં ની એક ROW અને એક COLUMN સીલેક્ટ (SELECT) કરવા
(D) ઉપરોક્ત પૈકી બધાજ



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

169. નીચે દર્શાવેલ પૈકી કઈ MEMORY ને દર સેકન્ડે ઈલેક્ટ્રોનિક સિગ્નલ આપીને રિફ્રેશ કરાય છે. જેથી તેમાં ડેટા સચવાઈ/સંગ્રહિત રહે.

(A) ROM
(B) HARD DISK
(C) DYNAMIC RAM
(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

170. માઈક્રોસોફ્ટ વર્ડમાં ફાઈલના પાનાનું મૂળભૂત (DEFAULT) ORIENTATION ......... હોય છે.

(A) LANDSCAPE
(B) PICTURE
(C) PORTRAIT
(D) BACKDROP

171. ભારતના બંધારણનો અનુચ્છેદ 18 નીચે પૈકી કોનાથી સંબંધિત છે ?

(A) અસ્પૃશ્યતાનું ઉન્મૂલન
(B) ખિતાબોની નાબૂદી
(C) બાળમજૂરી પર પ્રતિબંધ
(D) સમાનતાનો હક્ક

172. નીચે પૈકી કઈ પધ્ધતિ દ્વારા ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી બાબતની જોગવાઈઓમાં સુધારો કરી શકાય છે ?

(A) સંસદની વિશેષ બહુમતિ
(B) સંસદની વિશેષ બહુમતિ તેમજ અડધા રાજ્યોનું અનુમોદન
(C) સંસદની સાદી બહુમતી
(D) રાષ્ટ્રપતિનો હુકમ

173. એક રકમ પર 2 વર્ષમાં રૂા. 318 ચક્રવૃધ્ધિ વ્યાજ પ્રાપ્ત થાય છે. જો વ્યાજનો દર 12% હોય તો તે રકમ કેટલી હશે ?

(A) રૂા. 1248
(B) રૂા. 1250
(C) રૂા.1272
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

174. નીચેની શ્રેણીમાં કઈ સંખ્યા બંધબેસતી નથી ?

10, 22, 69, 280, 480

(A) 22
(B) 69
(C) 280
(D) 480



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

175. 2 સાડી અને 4 શર્ટની કુલ કિંમત રૂા. 1600 છે. તેટલી જ કિંમતમાં 1 સાડી અને 6 શર્ટ પણ ખરીદી શકાય છે. જો કોઈને 12 શર્ટ જોઈતા હોય તો તેણે કેટલું મૂલ્ય ચૂકવવું પડશે ?

(A) રૂા. 1200

(B) રૂા. 2400

(C) રૂા. 3600

(D) ઉપરોક્ત પૈકી કોઇ નહીં

176. માનવની કિડનીમાં પથરીમાં મુખ્યત્વે .......... રાસાયણિક સંયોજન મળી આવે છે.

(A) યુરિક એસિડ

(B) કેલ્શિયમ કાર્બોનેટ

(C) કેલ્શિયમ ઓક્સાલેટ

(D) કેલ્શિયમ સલ્ફેટ

177. તાજેતરમાં ગુજરાતના નીચેના પૈકી કયા કાયદામાં મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યાં ?

(A) ગુજરાત ટુકડા પ્રતિબંધક અને એકત્રિકરણ ધારો

(B) ગામતળ વધારવા બાબત

(C) મુંબઈ પોલીસ અધિનિયમ

(D) ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ

178. CONTROL + INSERT શોર્ટ કટ કિ (SHORTCUT KEY) .......... માટે ઉપયોગમાં લેવાય છે.

(A) Excel Sheet માં CONTROL + C ની જેમ પસંદ કરેલ ROW/COLUMN/CELL/CELL RANGE ને COPY કરવા

(B) Excel Sheet માં CONTROL + I ની જેમ પસંદ કરેલ ROW/COLUMN/CELL/CELL RANGE ને ITALICS માં FORMATTING કરવા

(C) Excel Sheet માં CONTROL + V ની જેમ પસંદ કરેલ ROW/COLUMN/CELL/CELL RANGE ને PASTE કરવા

(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં

179. એક કરતા વધારે કોમ્પ્યુટર અને અન્ય કોમ્પ્યુટર સાધનો (Peripherals) જ્યારે એક નાની ઓફિસમાં એક બીજા સાથે નેટવર્કમાં જોડાયેલ હોય ત્યારે આવા નેટવર્કને ...

(A) PEER TO PEER NETWORK

(B) OFFICE NETWORK

(C) LOCAL AREA NETWORK

(D) ઉપરોક્ત પૈકી એકેય નહીં



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

180. માઈક્રોસોફ્ટ વર્ડમાં ફાઈલ "SAVE AS" ક્લિક કરતા "SAVE AS TYPE"માં કયા વિકલ્પો આવે છે.

(A) PLAIN TEXT
(B) RICH TEXT FORMAT
(C) WEB PAGE
(D) ઉપરોક્ત તમામ

181. જોડણીભેદથી થતા અર્થભેદનો સાચો વિકલ્પ આપો.

(A) પીક = મોલ, પિક = કોકિલ
(B) દ્રીપ = હાથી, દ્વિપ = ટાપુ
(C) પુર = નવાં પાણીનું નદીમાં જોસબંધ આવવું તે, પૂર = શહેર
(D) ચીર = લાંબુ, ચિર = વલ્કલ

182. વાક્યમાંથી નિપાત શોધીને જણાવો : 'તમે ક્યારેય ભાષણમાં નિપાત વાપરો છો ખરા ?'

(A) ક્યારેય
(B) ખરા
(C) નિપાત
(D) છો

183. These days, people who _______ manual work, often receive far more money than clerks who _______ in offices.

(A) are doing, are working
(B) were doing, were working
(C) have done, have worked
(D) do, work

184. Who can count the stars in the sky? *(Change the voice)*

(A) By whom can the stars in the sky be counted?
(B) By whom can be stars in the sky counted?
(C) By whom could the stars be counted in the sky?
(D) By whom could the stars in the sky be counted?

185. She is _______ in the art of painting.

(A) Adept
(B) Adopt
(C) Adipt
(D) Adapt

186. માતર ભવાનીની વાવ .......... ખાતે આવેલી છે.

(A) વડનગર
(B) અમદાવાદ
(C) પાટણ
(D) પેથાપુર



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

**A**

187. કાન્તના 'ચક્રવાક મિથુન', 'કચદેવયાની' અને 'વસંતવિજય' કાવ્યો ..........ના ઉત્તમ નમૂનાઓ છે.

(A) સોનેટ
(B) ખંડકાવ્ય
(C) હાઈકુ
(D) મહાકાવ્ય

188. ભારતનું બંધારણ ........ ને માન્યતા આપે છે.

(A) ફક્ત ધાર્મિક લઘુમતી
(B) ફક્ત ભાષાકીય લઘુમતી
(C) ધાર્મિક અને ભાષાકીય લઘુમતી
(D) ધાર્મિક, ભાષાકીય અને વંશીય લઘુમતી

189. ખાનગી ઈમારતો પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા માટે સુપ્રિમ કોર્ટ દ્વારા કયા અનુચ્છેદ અન્વયે મંજૂરી આપવામાં આવેલ છે.

(A) અનુચ્છેદ 14
(B) અનુચ્છેદ 15(4)
(C) અનુચ્છેદ 16(4)
(D) અનુચ્છેદ 19(1)(a)

190. નીચે પૈકી કઈ સેવા અખિલ ભારતીય સેવા નથી ?

(A) ભારતીય પ્રશાસનિક સેવા
(B) ભારતીય પોલીસ સેવા
(C) ભારતીય વિદેશ સેવા
(D) ભારતીય વન સેવા

191. ક્રિયાતિપત્યર્થ પ્રકારનું વાક્ય પસંદ કરો.

(A) મારે હવે તેનો કશો ઉપયોગ નથી.
(B) ભાઈ, કર્યાં ભોગવવાં છે !
(C) ભગવાન ભજ્યા હોત તો ખોટું કાર્ય ના કરત.
(D) બા, મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે.

192. કહેવતમાં કયો વિકલ્પ જુદો પડે છે ?

(A) વાંદરાને નિસરણી મળી
(B) દોડવું હતું ને ઢાળ મળ્યો
(C) કોદરાની કોદરી કરી
(D) માંકડું હતું ને દારૂ પીધો

193. I couldn't find out what _______.

(A) happens
(B) will happen
(C) had happened
(D) has happened



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

A

194. The packet has not been opened by anyone. *(Change the voice)*

(A) Anyone has not opened the packet.

(B) No one has opened the packet.

(C) No one has not opened the packet.

(D) No one has been opening the packet.

195. The doctor recommended that I _______ more careful with my diet.

(A) be (B) will be (C) am (D) was

196. ......... અધિવેશનમાં મવાળવાદી (ઉદારવાદી) અને જહાલવાદી (ઉગ્રવાદી) એવા બે ભાગોમાં કોંગ્રેસ વિભાજીત થઈ ગઈ હતી.

(A) નાગપુર (B) સુરત

(C) મુંબઈ (D) અમદાવાદ

197. ડાહ્યાભાઈ ધોળશાજી, અમૃત કેશવ નાયક અને બેરીસ્ટર નૃસિંહ વિભાકર ......... સાથે સંકળાયેલી વ્યક્તિઓ હતાં.

(A) કઠપૂતળી કલા (B) ચિત્રકલા

(C) વન્યજીવન (D) ગુજરાતી રંગભૂમિ

198. નીચે પૈકી કયું હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટ બંનેનાં કાર્યક્ષેત્ર હેઠળ આવે છે ?

(A) કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનો વિવાદ (B) રાજ્યો-રાજ્યો વચ્ચેનો વિવાદ

(C) મૂળભૂત હક્કોનું સંરક્ષણ (D) ઉપરના બધા

199. નીચે પૈકી કઈ સમિતિ દ્વારા બંધારણમાં મૂળભૂત ફરજોનો ઉમેરો કરવાની ભલામણ આપવામાં આવી હતી ?

(A) એસ. આર. શાહ સમિતિ

(B) સ્વર્ણસિંહ સમિતિ

(C) પ્રથમ વહીવટી સુધારણા સમિતિ

(D) સંથાનમ સમિતિ

200. નીચે પૈકી કોણ મૂળભૂત હક્કોનું સંરક્ષક છે ?

(A) ધારાસભા (B) કાર્યકારી

(C) રાજનીતિક દળો (D) ન્યાયપાલિકા

---



Downloaded from www.marugujarat.in
For more question papers, Visit our website www.marugujarat.in

Maru GUJARAT
MARUGUJARAT.IN

LATEST UPDATES

વધુ માહિતી માટે નીચે આપેલ લિંક ક્લિક કરશો.

| ફેસબુક પેજ | ટેલિગ્રામ ચેનલ | વોટ્સએપ ગ્રુપ |
| --- | --- | --- |

લેટેસ્ટ જોબ
પેપર/આન્સર કી
કોલ લેટર
રીઝલ્ટ

WITH OVER
40+ CRORE VISITORS

GUJARAT'S NO. 01
EDUCATIONAL WEBSITE

MARUGUJARAT.IN
JOB PORTAL

E-MAIL: INFO@MARUGUJARAT.IN | WHATSAPP : 9624666679 | WWW.MARUGUJARAT.IN

WHAT'S NEW

વધુ માહિતી માટે નીચે આપેલ લિંક ક્લિક કરશો.

બેંક જોબ

રેલવે જોબ

ઇજનેર જોબ

પોલીસ જોબ

ટીચર જોબ

મેડિકલ જોબ

ડિફેન્સ જોબ

ગવર્મેન્ટ જોબ

SSC

UPSC

WITH OVER
40+ CRORE VISITORS

MARUGUJARAT.IN
JOB PORTAL

GUJARAT'S NO. 01
EDUCATIONAL WEBSITE

E-MAIL: INFO@MARUGUJARAT.IN | WHATSAPP : 9624666679 | WWW.MARUGUJARAT.IN

Join Now

વધુ માહિતી માટે નીચે આપેલ લિંક ક્લિક કરશો.

## વોટ્સએપ ગ્રુપ જોઈન કરો

મારુ ગુજરાત એપ્લિકેશન

ક્વિઝ ગુજરાત એપ્લિકેશન

GPSC

GSSSB

મોક ટેસ્ટ

પરીક્ષા કાર્યક્રમ

TO GET EMAIL ALERTS

JOIN OUR GROUP

MARUGUJARAT.IN
JOB PORTAL

GUJARAT'S NO. 01
EDUCATIONAL WEBSITE